INDIAN NATIONAL CONGRESS
# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

**<u>અખબારી યાદી</u>** **<u>તા. ૧૫-૦૩-૨૦૨૫</u>**

ભારતના હિંદુ સમાજની આંખમાં ધુળ નાખીને રાજ કરતી ભાજપાની અસલિયત હિન્દુઓ ઓળખે...

કોંગ્રેસ બિનસાંપ્રદાયિકના ઓઠા નીચે રાજનીતિ કરે છે એવો ૫ દાયકાથી આરોપ લગાવનારી સત્તાભૂખી ભાજપાએ જ મુસ્લિમોનું તુષ્ટિકરણનો ઉત્તમ દાખલો આપ્યો...

દેશમા મુસ્લિમ તુષ્ટીકરણના શહેનશાહ નરેન્દ્ર મોદી...

કપડાંથી ઓળખજો એવી વિકૃત માનસિકતામાથી મુસ્લિમો ઉપર ઝેર ઓકતા ભાષણો કરીને હિન્દુઓના વિશાળ વર્ગ સામે હિન્દુ સમ્રાટ દેખાવું અને બીજી કાંખમાં બંધ બારણે મુસ્લિમોની કદમબોચી કરવામાં આવે છે. એનાથી જ હાલમાં પૂર્ણ થયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં 100 કરતા વધુ મુસ્લિમ ઉમેદવારો ભાજપમાંથી ચૂંટણી જીત્યા...તેમાં 20 તો બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા.

સત્તા મેળવા ધર્મના નામે દેશને સૌથી વધુ છેતરવાનું કામ કાયમી ધોરણે કોઈ કરતું હોઈ તો તેનું નામ છે RSS અને BJP અને તેના સમર્થક પક્ષો છે તે દેશ બરાબર ઓળખે...

✔ **કોંગ્રેસ સત્તામા આવશે તો તમારુ મંગલસુત્ર છીનવી લેશે,**

✔ **તમારી બે ભેંસમાથી એક ભેસ અને ૧૦ એકરમાથી પાંચ એકર જમીન છીનવીને વધુ છોકરાઓ છે તેને વહેચી દેશે.....**આવી ભ્રમણાઓ ફેલાવીને લોકસભામાં મત માગ્યા પરંતુ જનતાએ ભાજપાને પુર્ણબહુમતથી દુર રાખીને કપટી ભાજપા શહેનશાહને પાઠ ભણાવ્યા છે.બીજી બાજુ મુસ્લિમોના મસિહાના પગ પાસે બેસીને સમર્થન માંગી રહ્યા છે.

ઉદાહરણ :

આંધ્રપ્રદેશની વિધાનસભા ચુંટણી ૨૦૨૪ મા ભાજપના સમર્થક પક્ષ TDP ના વડા ચંદ્રબાબુ નાયડુના ચુંટણી વાયદોઓ....

1. ૫૦ વર્ષ ઉપરના દરેક મુસ્લિમને પેન્શન આપવામા આવશે
2. ઇદગાહ અને કબ્રસ્તાન માટે દરેક શહેરમા જમીન આપવામા આવશે.
3. રાજ્યની રાજધાનીમા શાનદાર હજ હાઉસ બનાવવામા આવશે.
4. નૂર ભાષા કોર્પોરેશનની રચના કરવામા આવશે તેનુ વાર્ષિક બજેટ ૧૦૦ કરોડ રુપિયા રહેશે.
5. મુસ્લિમ ફાયનાન્સ કમિશન તરફથી ૫ લાખ વિના વ્યાજે મુસ્લિમોને લોન આપવામા આવશે.
6. દરેક મસ્જિદના ઇમામોને ૧૦,૦૦૦ રુપિયાનુ મહિને વેતન આપવામા આવશે.

7. વિદ્વાન ઇમામોને સરકારી કાજી તરીકે નિયુકતિ આપવામા આવશે.
8. દરેક મસ્જિદને ૧ લાખ રુપિયાની સહાયતા આપવામા આવશે અને ૫૦૦૦ રુપિયા દર મહિને નિભાવ ખર્ચ પેટે માટે આપવામા આવશે.
9. ૪ % મુસ્લિમોને અનામત આપવામા આવશે.
10. મક્કા હજ યાત્રા પર જનારને ૧ લાખ રુપિયાની હજ સહાયતા આપવામા આવશે.

કોણ છે આની પાછળ છે ? કોના સમર્થનથી દેશની મોદી સરકારની ખુરશી સુરક્ષિત છે ?

આમ હિન્દુ સમ્રાટના ખોળીયા ઓઢીને હિન્દુ સમાજને છેતરતા ભાજપા નેતાઓના ચહેરા ખુલ્લા પડ્યા છે.

કોંગ્રેસ પક્ષ માટે પણ આ એક રાજકીય પડકાર છે...પરંતુ દેશને બરબાદ થતો રોકવા સત્તા ભૂખી સંઘ-ભાજપાની ચાલ-નાટક-ઢોંગ-પાખંડ અને જૂઠાણાના કારસ્તાનોને નશ્યત કરવા પડશે.

મનહર પટેલ

મનહર પટેલ
પ્રવક્તા,ગુજરાત કોંગ્રેસ